# શહેરમાં મોસમની સૌથી વધુ ગરમી

## પારો ૪૪. ૫ ડિગ્રીએ પહોંચ્યો : આગ ઓકતી ગરમીથી જનજીવન પ્રભાવિત : ગરમીથી બચવા માટે ઠેર ઠેર છાશ વિતરણ : જન આરોગ્ય પર ગરમીની વિપરિત અસર



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં આજે ગરમીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. સવાર થી જ આક્રમક ગરમીના લીધે નગરજનોએ ગુંગળામણ અનુભવી હતી. આકાશમાંથી અંગારા વરસ્યા હતા. દિવસે મહત્તમ તાપમાન ૪૪.૫ ડી ગ્રી એ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. અગાઉ મહત્તમ તાપમાન ૪૪.૨ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે ગરમીનો પારો ૪૫ ડી ગ્રી નજીક પહોંચી જતા નગરના જનજીવન પર ગરમીના પારાની અસર વર્તાઈ હતી. દિવસ દરમિયાન ૬ થી ૮ કી મીની ઝડપે પવન ફુંકાયો હતો.

ગાંધીનગરમાં ગરમીનો કહેર દિનપ્રતિદિન વધતો જાય છે. આકરી ગરમીના દિવસોમાં મહત્તમ તાપમાનમાં રોજબરોજ ચઢઉતર થતા નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા છે. છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો પારો એકધારો ૪૦ ડી ગ્રીની પાર રહેતા સતત હીટવેવથી નગરનુ જનજીવન પ્રભાવિત છે. આકરી ગરમીથી બચવા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. જયારે ગરમીએ હદ વટાવતા પંખા અને એર કુલર પણ બિન ઉપયોગી હોવાનુ સ્પષ્ટ થયુ છે. ઘરો અને ઓફિસોમાં દિવસ રાત એ સી ધમધમતા નજરે પડે છે. આજે મહત્તમ તાપમાન ૪૪.૫ ડી ગ્રી એ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા હતા. આકરી ગરમીની અસર નગરના જનજીવન પર વર્તાઈ હતી. સવારથી જ વાતાવરણમાં અસહ્ય ગરમીની અસર જોવા મળી હતી જયારે બપોર થતા દિવસનો તાપ આકરો બન્યો હતો. આકાશમાંથી વરસતી અગ્નજવાળના લીધે નગરજનોએ ચામડીને દાહ આપતી ગરમીનો અહેસાસ કર્યા હતો. ગરમીથી બચવા માટે શહેરમાં ઠેર ઠેર ઠંડી છાશનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. શહેરીજનો દિવસે ઘરમાં પુરાયેલા રહયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# આવેશમાં સ્વ પરથી નિયંત્રણ છુટે ત્યારે પરિણામ ભયાનક આવે છે

**હતાશા-નિરાશા અને આર્થિક સંકડામણના બોજ તળે દબાયેલા પિતાએ જાતે જ પોતાનો પરિવાર વેરવિખેર કરી નાંખતા ભદ્ર સમાજની વરવી વાસ્તવિકતા સામે આવી**

**સમયસર**

ગાંધીનગર, તા. ૨૩

બુધવારના અખબારોએ ભલભલાને હચમચાવી મુક્યા. દિકરીઓને ૨૯ દેશોની સફર કરાવનાર સફળ બિઝનેસમેને આવેશમાં આવી જઈને અને નિરાશામાં જુવાનજોધ વ્હાલસોઈ દિકરીઓ અને પત્નિને ગોળીએ વિંધી નાંખી તે સમાચારો આખો દિવસ ટોક ઓફ ધ ટાઉન બની રહ્યા. મગજ પર સવાર થયેલા આવેશે માત્ર થોડીક ક્ષણોમાં ત્રણ-ત્રણ દાયકાઓથી સજાવેલો-સંવારેલો માળો પોતાની જાતે જ પીંખી નાંખ્યો. પ્રેમાણ પત્નિ અને વ્હાલસોયી દિકરીઓને ગોળી ધરબી દેતાં પહેલાં તે વ્યક્તિના હાથ ક્ષણભર માટે પણ કાંપ્યા નહી હોય... પત્નિ અને પુત્રીઓની હત્યા કરનાર બિલ્ડર ધર્મેશભાઈ શાહના પરિવારજનો અને મિત્રોને તો આ ઘટનાએ દિઢમૂક બનાવી દીધા હોય તેટલો જોરદાર આંચકો આપ્યો છે.

કન્સ્ટ્રક્શનના સામાન્ય ધંધામાંથી સામ્રાજ્ય ઉભુ કરનાર બિલ્ડર ધર્મેશભાઈ શાહ વ્યાપાર-ધંધામાં આવતી ચડતી-પડતીને સહન ન કરી શક્યા. શુન્યમાંથી સર્જન કરનાર ધર્મેશભાઈએ બંને દિકરીઓને ઉચ્ચ અભ્યાસ કરાવ્યો હતો. ખ્યાતનામ ગણાતી સેપ્ટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર બંને દિકરીઓ ધર્મેશભાઈને ખૂબ વ્હાલી હતી. છેલ્લા કેટલાક સમયથી ધંધામાં મંદી આવતા ધર્મેશભાઈના માથે દેવુ થઈ ગયુ હતુ. આવા સમયે દિકરીએ ઓસ્ટ્રેલીયા વધુ અભ્યાસ માટે જવાની જીદ પકડતા ધર્મેશભાઈની નિરાશા આક્રોશમાં પલ્ટાઈ ગઈ હતી. ધંધામાં થયેલુ નુકશાન, કરોડોનું દેવુ, ભવિષ્યનો વિચાર અને તેવા સમયે જ દિકરીની જીદ સામે બાપ નિરાશ થઈ ગયો હતો. ૭૦૦ કર્મચારીઓ-મજૂરોને રોજીરોટી આપનાર ધર્મેશભાઈ આ આપત્તિ સામે લડી શક્યા ન હતા અને એવુ પગલુ ભરી બેઠા કે તેમનો આખો સંસાર વિખેરાઈ ગયો. ધંધામાં આવેલી ખોટ તો સરભર કરી શકાશે પરંતુ મોક્ષધામે પહોંચેલી દિકરીઓ-પત્નિની ખોટ કોઈ કાળે પૂરી નહી થઈ શકે તેટલુ સમજવાની શક્તિ ગુમાવી ચુકેલા ધર્મેશભાઈએ જાતે જ પોતાના જીવનને અંધકારમાં ધકેલી દીધો છે. એક જ

● અનુસંધાન પાન-૭ પર

# જળસંચય અભિયાનનું સમાપન પર્જન્ય યજ્ઞના આયોજન સાથે સંપન્ન કરાશે

**જળપલ્લવિત વિસ્તારો વધતાં રાજ્યમાં યાયાવર પક્ષીઓ વધશે : પ્રવાસન રાજ્ય તરીકે પણ વિકાસ માટેનો રોડમેપ તૈયાર કરાશે : જળ અભિયાન લોક આંદોલન બનતાં સરકારનો આનંદ બેવડાયો**

**પ્રકાશ જહા-** ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના સ્થાપના દિવસથી આરંભાયેલ જળસંચય અભિયાન પર્જન્ય યજ્ઞ સાથે સમાપન કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ યજ્ઞ સમારોહ સમાપન સમારોહ બનશે અને કેટલાક જિલ્લાઓમાં આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મંડળના સભ્યો પણ જોતરાશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્યમાં ૧૩ હજારથી પણ વધુ તળાવો ઊંડા કરવામાં આવતાં વરસાદી પાણીના જળસંગ્રહની શક્તિમાં વધારો થશે. દરિયામાં વહી જતુ પાણી અટકાવવામાં મોટી સિદ્ધિ હાંસલ થતાં રાજ્ય સરકારે આ અભિયાનનું સમાપન પણ પર્જન્ય યજ્ઞ જે મેઘરાજાને મનાવવા માટે કરવામાં આવે છે તેનુ દરેક જિલ્લામાં આયોજન કરવા માટેની સૂચનાઓ પણ આપી દીધી છે.

રાજ્ય સરકારે જળસંચય અભિયાનમાં લોકોનો જે સહયોગ સાંપડ્યો છે તેની નોંધ લીધી છે એટલુ જ નહિ પ્રજાને પણ આનંદમાં ભાગીદાર બનાવવા માટે આ યજ્ઞનું આયોજન કરવાનો નિર્ણય કર્યો હોવાનું સરકારના વિશ્વસનીય સાધનોએ કહ્યુ છે.

રાજયમાં જળસંચય અભિયાનની સાથે સાથે નદી નાળાંના વ્હેણમાં અંતરાય બનતા કચરાની સફાઈ ઉપરાંત જુદા જુદા કાંસોની સફાઈ પણ હાથ ધરી હતી. સરકારને રૂ. ૩૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ થશે તેવો અંદાજ હતો પરંતુ ઘણી બધી સહકારી સંસ્થાઓ આ અભિયાનમાં સામેલ થતાં સરકારને સારૂ એવુ દાન પણ સાંપડ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **પટેલ લક્ષ્મીબેન રામજીભાઈ** તા.૨૩-૫-૨૦૧૮ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. પરમાત્મા તેઓની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. **સદ્દગતનું બેસણું તા.૨૫-૫-૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કોમ્યુનિટી હોલ, સે.-૨૮, જી.આઈ.ડી.સી., ગાંધીનગર**

**પટેલ ભવાનભાઈ રામજીભાઈ** - ઉમિયા વિજય સો મીલ,
**પટેલ કેશવલાલ રામજીભાઈ** સેક્ટર-૧૩, ગાંધીનગર
**પટેલ મોહનભાઈ રામજીભાઈ** - હરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હરીગ્રૂપ

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

### બેસણું



**સ્વ. જે.પી.મહેતાના ધર્મપત્ની પદ્માબેન મહેતા તા. ૧૯/૦૫/૨૦૧૮ને શનિવારના રોજ શ્રીજી શરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૪/૦૫/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**

**સ્થળ : ઉમિયામાતા મંદિર,બેન્કવેટ હોલ, સેકટર-૧૨ ગાંધીનગર**
**મો. ૯૭૨૫૦૧૦૮૯૨, ૯૮૨૫૧૬૯૩૦૭, ૯૮૨૫૨૯૨૦૪૧**

| | | |
|---|---|---|
| રાજુલ મહેતા (પુત્ર) | નિપુલ મહેતા (પુત્ર) | સુકેતુ મહેતા (પુત્ર) |
| સ્નેહા મહેતા (પુત્રવધુ) | ક્રિષ્ણા મહેતા (પુત્રવધુ) | જીજ્ઞા મહેતા (પુત્રવધુ) |
| શ્રેયા-પ્રહર, હિતા | નિલ, મેઘા,જૈમિન | નિધી, નિલ |

### શ્રદ્ધાંજલિ



**ધર્મેશ (રાજુ)**
સ્વર્ગવાસ તા. ૨૪-૫-૨૦૧૦

મરણ અહિં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

**દેવેન્દ્ર હંસરાજભાઈ ડુંગાણી પરિવાર**
ગાંધીનગર


# ગાંધીનગર રબારી સમાજ, ગાંધીનગર

રજી.નં.ઈ ૫૧૫, તા.૧૮-૮-૯૬

ગાંધીનગર રબારી સમાજ, ગાંધીનગરની તાજેતરમાં કારોબારી બેઠક મળી જેમાં નીચે મુજબના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી.



**દેસાઈ તેજાભાઈ કે. (થુમથલ)**
પ્રમુખ (સે.૪/એ)

દેસાઈ આકાશભાઈ ઈશ્વરભાઈ (થુમથલ) ખજાનચી (સે.૨/ડી)
દેસાઈ મફાભાઈ એમ. (અરઠી) મહામંત્રી (સે.૧૪)
દેસાઈ જી.કે. (સુરપુરા) ઉપપ્રમુખ (ગોકુળપુરા સે.૧૪)
દેસાઈ સોમાભાઈ વી. (કોલવડા) ઉપપ્રમુખ (સે.૨૬)
દેસાઈ જીવણભાઈ એલ. (ગોવના) ઉપપ્રમુખ (ગોકુળપુરા સે.૧૪)
દેસાઈ ચેતનભાઈ એન. (કઠવાડા) ઉપપ્રમુખ (કુડાસણ)
દેસાઈ વાલજીભાઈ કે. (ગુંદરાસણ) મહામંત્રી (ગોકુળપુરા સે.૧૪)
દેસાઈ ઘેમરભાઈ એમ. (ગોવના) સંગઠનમંત્રી (સે.૩/ડી)

દેસાઈ આત્મારામભાઈ એસ. (સોઢવ) મંત્રી (નારાયણનગર)
દેસાઈ ધીરજીભાઈ એમ. (બલોધન) મંત્રી (ગોકળપુરા સે.૧૪)
દેસાઈ રમેશભાઈ સી. (લાછડી) મંત્રી (સે.૩/એ)
દેસાઈ બાબુભાઈ એમ. (રૂપાલ) મંત્રી (સે.૨૬)
દેસાઈ નરેન્દ્રભાઈ વી. (પિન્ટુભાઈ-છાલા) મંત્રી (સે.૨/બી)
દેસાઈ હરગોવનભાઈ જી. (કેસીમ્પા) સહમંત્રી (સે.૫/બી)
દેસાઈ નાગજીભાઈ આર. (જગુદણ) સહમંત્રી (સે.૨૬)
દેસાઈ લાભુભાઈ એલ. (ગોવના) સહમંત્રી (સે.૨૫)
દેસાઈ મિતેષ એ. (સોઢવ) સહમંત્રી (નારાયણનગર)
દેસાઈ ગોવિંદભાઈ સાગરભાઈ (વડસ્મા) આંતરીક ઓડીટર (સે.૨૬)

દેસાઈ જીવણભાઈ સાંકાભાઈ (વાલમ) કા.સભ્ય (સે.૨૯)
દેસાઈ ગાંડાભાઈ ગોવાભાઈ (અનોડિયા) કા.સભ્ય(સે.૪/સી)
દેસાઈ મોતીભાઈ અમથાભાઈ (અબલુવા) કા.સભ્ય (સે.૧૬)
રાયકા ઈશ્વરભાઈ રત્નાભાઈ (આદરીયાણા) કા.સભ્ય (સે.૪)
દેસાઈ રાજુભાઈ વરવાભાઈ (કોલવડા) કા.સભ્ય (સે.૨૬)
દેસાઈ રમેશભાઈ વિરમભાઈ (ધણપ) કા.સભ્ય (સે.૨)
દેસાઈ ભરતભાઈ નારણભાઈ (થુમથલ) કા.સભ્ય (સે.૨/સી)
દેસાઈ સુનીલભાઈ તેજાભાઈ (પેથાપુર) કા.સભ્ય (સે.૧૭)
દેસાઈ ભરતભાઈ લાલજીભાઈ (ભુવાજી) કા.સભ્ય (વિસનગર-નારાયણનગર)
દેસાઈ કરમશીભાઈ અમીભાઈ (લાકરોડા) કા.સભ્ય (સે.૪/બી)
દેસાઈ ભાચીભાઈ લીલાભાઈ (દલાની મુવાડી) કા.સભ્ય (સે.૨૮)

દેસાઈ પ્રતિક લીલાભાઈ (બોરીજ) કા.સભ્ય (સે.૩૦)
દેસાઈ ભુરાભાઈ (શોભાસણ) કા.સભ્ય (રાયસણ, ગુડા)
દેસાઈ નારાયણભાઈ હરજીભાઈ (ઉંઘરોજ) કા.સભ્ય (સે.૧૪)
દેસાઈ સોમાભાઈ રામજીભાઈ (વિઠલપુર) કા.સભ્ય (સે.૧૩/એ)
દેસાઈ ગૌતમભાઈ કાનજીભાઈ (વડાવલી) કા.સભ્ય (સે.૫/એ)
દેસાઈ શૈલેષભાઈ નારણભાઈ (પાલજ) કા.સભ્ય (સે.૨૨)
દેસાઈ સુનીલભાઈ ગાંડાભાઈ (બામણવા) કા.સભ્ય (સે.૨૬)
દેસાઈ રાજ વિઠ્ઠલભાઈ (કોલાદ) કા.સભ્ય (સે.૩૦-રાયસણ ગુડા)
દેસાઈ વિહાભાઈ જાયમલભાઈ (આદરજ) કા.સભ્ય (સે.૨૬ - ચેહરનગર)
દેસાઈ મેહુલભાઈ જયરામભાઈ (કડવાસણ) કા.સભ્ય (સે.૨૭)
દેસાઈ રમુભાઈ વેરશીભાઈ (ચરીયાળા) કા.સભ્ય (સે.૨૬-ચેહરનગર)
આશિષભાઈ બી. રબારી (ગુન્દ્રાસણ)

**ખાસ નોંધ**
● ગાંધીનગર રબારી સમાજ દ્વારા સમાજની પરિચય પુસ્તિકા પ્રગટ કરવાની હોઈ સમાજના દરેક કુટુંબને આપેલ ફોર્મ મુજબ સંપૂર્ણ વિગતો ભરી તાત્કાલિક પરત કરવા સાથ સહકાર આપવા વિનંતી.
● ગાંધીનગર મહાનગરમાં વસવાટ કરતા સમાજના અગ્રણીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ વેપારી વર્ગનો અમોને સાથ સહકાર અને આર્શીવાદ પ્રાપ્ત થાય એવી શુભકામના....


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com